Extra No. 321

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, SEPTEMBER 3, 2025 / BHADRA 12, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ -ના તારીખઃ ૯મી જુલાઈ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૨૩૫/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેક્શનનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Provincial Municipal Corporations Act, 1949

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક: કેવી-૨૦૨૫નો ૨૩૫/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેકશન:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન-ના ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ.૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીવી-૨૦૨૫નો ૧૩-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૯/પી સેકશન (જેનો આમાં હવે પછી 'સદરહુ જાહેરનામા-૧ તરીકે ઉલ્લેખ કર્યો છે તેના)થી સદરહુ જાહેરનામા-૧ની અનુસૂચિ-૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આણંદ, વલ્લભ વિદ્યાનગર અને કરમસદ નગરપાલિકાઓના વિસ્તાર અને તેને લગોલગની ગ્રામ પંચાયતોના વિસ્તારને આણંદ શહેરના મોટા શહેરી વિસ્તાર તરીકે જાહેર કર્યા છે;

અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૫-ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, અનુચ્છેદ ૨૪૩ન-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ.૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૨૫નો ૧૪-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૯/પી સેક્શન (જેનો આમાં હવે પછી 'સદરહુ જાહેરનામા-૨ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ સન ૨૦૨૫-ના જાન્યુઆરી મહિનાની ૧-લી તારીખે અને તે તારીખથી, આણંદ શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને સદરહુ અધિનિયમની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ જાહેરનામા-૨ હેઠળ, સદરહુ અધિનિયમની બાકીની જોગવાઈઓ જે તારીખે અને જે તારીખથી આણંદ શહેરમાં અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૨૫-ના જાન્યુઆરી મહિનાની ૧-લી તારીખ નિર્દિષ્ટ કરી છે;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૯૩ હેઠળ પરિશિષ્ટ ૪ના ભાગ ૪માંના પરિચ્છેદ ૨૨ અને ૨૨ખથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ જાહેરનામા-૨ હેઠળ સન ૨૦૨૫-ના જાન્યુઆરી મહિનાની ૧-લી તારીખથી શરૂ થતી એક વર્ષની મુદત માટે અથવા સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ ચૂંટણીમાં કાઉન્સિલરો ચૂટવામાં આવે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય તે મુદત સુધી, સદરહુ કોર્પોરેશનના વહીવટદારની નિમણૂક કરી છે;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના વસતીના આંકડા અનુસાર તેમજ સદરહુ અધિનિયમની કલમ ૫-ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

અને આણંદ શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી યોજાવાની છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમો (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતા, કલમ ૫ ની પેટા-કલમ (૩)ના ખંડ (૩) ના પેટા-ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આણંદ શહેરને લાગેવળગે છે ત્યાં સુધી, વોર્ડ અને બેઠકોની સંખ્યા નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) આણંદ શહેરના વિસ્તારો, તેર (૧૩) વોર્ડોમાં વિભાજિત થશે અને આણંદ શહેરનું મ્યુનિસિપલ કોર્પોરેશન બાવન (૫૨) કાઉન્સિલરનું બનશે;

(૨) (કાઉન્સિલરોની) બાવન (૫૨) બેઠકોમાંથી-

(૧) બે (૨) બેઠકો અનુસૂચિત જાતિની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી એક (૧) બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રહેશે;

(૨) બે (૨) બેઠકો અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી એક (૧) બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રહેશે;

(૩) ચૌદ (૧૪) બેઠકો પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી સાત (૭) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) છવ્વીસ (૨૬) બેઠકો સ્ત્રીઓ (ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની સંખ્યા સહિત) સ્ત્રીઓ માટે અનામત રહેશે;

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કોમલ ભટ્ટ,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.17 15:50:26 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar